## —–:સ્નાતક નોંધણી માટે જરૂરી સુચનાઓ:–—

૧. અરજીપત્રક/ફોર્મમાં ચોંટાડેલા ફોટાને કોઇ ગેઝેટેડ ઓફિસર, મેજીસ્ટ્રેટ, કચ્છ યુનિવર્સિટી કોર્ટના સભ્ય અથવા સલંગ્ન કોલેજોના આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરાવવું.
૨. જે વિદ્યાશાખા માટે અરજીપત્રક/ફોર્મ ભરવાનું હોઇ તે વિદ્યાશાખા સ્પષ્ટ લખવી.
૩. છેકછાક કરેલ અરજીપત્રક/ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.
૪. પદવી પ્રમાણપત્ર(ડીગ્રી)ની નકલ અચુક જોડવી અન્યથા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.
૫. અરજીપત્રક/ફોર્મ સાથે વધારાના ફોટાની પાછળ સ્નાતકનું નામ અને વિદ્યાશાખાનો અવશ્ય ઉલ્લેખ કરવો.
૬. અરજીપત્રક/ ફોર્મમાં ફોટા પ્રમાણિત કરેલ કોઇ ગેઝેટેડ ઓફિસર, મેજીસ્ટ્રેટ, કચ્છ યુનિવર્સિટી કોર્ટના સભ્ય અથવા સલંગ્ન કોલેજોના આચાર્યશ્રીની હાજરીમાં જ સંમતિપત્રકમાં સહી/સિકકા કરાવવા.
૭. અરજીપત્રક/ ફોર્મમાં જે ફોટો પ્રમાણિત કરાવેલ હોય તેવો જ એક ફોટો મતદાન હેતુ ઓળખપત્ર માટે રાખવાનું રહેશે.
૮. રહેઠાણના પુરાવા તરીકે પાસપોર્ટ, રેશનકાર્ડ, ઇલેકટ્રીક બિલ, ટેલિફોન બિલ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, ડ્રાઇવિન્ગ લાયસન્સ પૈકી કોઇ એકની પ્રમાણિત નકલ સામેલ રાખવી વધારામાં જે સ્નાતકો ભારતની અન્ય યુનિવર્સિટીમાંથી પદવી મેળવ્યા બાદ કચ્છ યુનિવર્સિટીના વિસ્તારમાં રહેતા હોય અને તેમની રહેઠાણનો આધાર ન હોય તે સ્નાતકોએ નગરપાલિકાના સક્ષમ અધિકારીશ્રી, ગ્રામ પંચાયતના તલાટીશ્રીનું પ્રમાણપત્ર સાથે જોડવું.
૯. અરજીપત્રક/ફોર્મ રજીસ્ટર્ડ પોસ્ટ, પ્રતિનિધિ દ્વારા મોકલી શકાશે અને અધુરાશ બાબતે અને રદ થવા બાબતે જવાબદારી જે–તે અરજદારની રહેશે, યુનિવર્સિટીની કોઇ જવાબદારી રહેશે નહિ.
૧૦. ઉપરોકત બાબતો સિવાયના કિસ્સામાં વધારાની માહિતી માટે કુલસચિવશ્રીના કાર્યાલય, ડો.ગીરીનબક્ષી (અઘ્યક્ષશ્રી,યુનિવર્સિટી સત્તામંડળ ચૂંટણી) શ્રી.એસ.આર.ધીણીયા (યુનિવર્સિટી સત્તામંડળ) નો સંપર્ક સાધી શકાશે.
૧૧. ભરેલ અરજી પત્રકો યુનિવર્સિટી કાર્યાલય ખાતે હવે તા: ૨૯/૦૭/૨૦૧૭ સાંજે ૪:૩૦ સુધી જમા કરી શકાશે.
૧૨. અરજી પત્રકની ફી રૂ.૫૦/– ડિમાન્ડ ડ્રાફટ રજીસ્ટ્રાર, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટીના નામે પેએબલ એટ ભુજનો કઢાવી શકાશે. આ ડ્રાફટ યુનિવર્સિટીના એકાઉન્ટસ વિભાગ ખાતે સવારે ૧૧ થી ૨ અને બપોરે ૩ થી ૪ સુધી જમા કરાવી શકાશે. એક અરજીપત્રક દીઠ એક જ ડ્રાફટ સ્વીકારવામાં આવશે.